# ગાંધીનગરમાં શટડાઉન જારી કરાયુ

**૨૫મી માર્ચ સુધી રાજ્યના મહાનગરો અને નગરોમાં લોકડાઉન રાખવાનો સરકારનો નિર્ણય : મેડીકલ સ્ટોર, શાકભાજી, દૂધ અને કરિયાળાની દુકાનો જ ખુલ્લી રહેશે : જ્યારે સરકારી કચેરીઓમાં ૫૦ ટકા સ્ટાફને રોટેશનમાં હાજરી આપવાની રહેશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાંથી કોરોનાનો પોઝીટીવ કેસ મળતાં જ મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યુ છે અને શટડાઉનની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મનપા દ્વારા આજથી તેનુ જનસેવા કેન્દ્ર પણ બંધ કરી દીધુ છે એટલુ જ નહિ ખુબ જ અગત્યની કામગીરી સિવાય બિનજરૂરી કાર્યવાહી માટે મનપાની કચેરીએ નહિ આવવા પણ જણાવવામાં આવ્યુ છે.

વિદેશ અથવા અન્ય રાજ્યોમાંથી ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ નાગરિકોએ સેલ્ફ ડીકલરેશન ફોર્મ ભરવાનું રહેશે તથા પોતે ઘરમાં ૧૪ દિવસ માટે સેલ્ફ ક્વોરાન્ટાઈન થવાનું રહેશે. સદર સેલ્ફ ડીકલેરેશન ફોર્મ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www. gandhinagarmunicipal. com ઉપરથી ભરી શકાશે.

પ્રધાનમંત્રી દ્વારા બિનજરૂરી ઘરની બહાર ન જવા સૂચન કરેલ.

સરકારી કચેરીમાં બિનજરૂરી જવું ના પડે તે પણ ઈચ્છનીય છે.

વિદેશથી આવેલા નાગરિકોને ઓનલાઈન સેવા મળી રહે તથા તેમને કચેરીએ આવવું ન પડે તે હેતુથી સેલ્ફ ડીકલેરશન ફોર્મ ગાંધીનગર મહાનગર પાલિકાની વેબસાઈડ www. gandhinagarmunicipal.com ઉપરથી ભરી શકાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન સુવિધા પુરી પાડવા આપ જાહેર જનતાને સૂચન કરવામાં આવે છે કે પોતાના પાડોશી વિદેશથી આવેલ હોય તો તેમને સેલ્ફ ડીકલેરેશન ફોર્મ ભરાવવા તથા કોરોન હેલ્પલાઈન નંબર ૧૦૪ પર સંપર્ક કરવા જરૂરી સહકાર આપવા વિનંતી.

દરમ્યાન રાજ્ય સરકારે ૨૫મી માર્ચ સુધી ગુજરાત લોકડાઉન રાખવાનો નિર્ણય લીધેલ છે. દૂધ, શાકભાજી, મેડીકલ અને કરિયાણાની દુકાનો જ ખુલ્લી રહેશે.

બીજી તરફ સરકારી કચેરીઓમાં પણ ૫૦ ટકા જ કર્મયોગીઓ રોટેશન પ્રમાણે વર્ગ-૨ અને ૪ના ઉપસ્થિત રહી કચેરી કામકાજ કરે તે જોવા તમામ તંત્રના અધિકારીઓને જણાવાયુ છે.

## ગાંધીનગર સિવિલમાં વધુ પાંચ શંકાસ્પદ દર્દી દાખલ કરાયા

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોરોના વાયરસના પાંચ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક પોઝીટીવ કેસ મળતાં જ હરકતમાં આવેલા તંત્રએ ખુબજ ચુપકીદી સાધી લીધી છે.

મળતી વિગતો પ્રમાણે આ પાંચેય દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે તેમજ તેમના નમુના લઈ અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે હાલ એક આઈસોલેશન વોર્ડ છે આ ઉપરાંત બીજો પણ એક વોર્ડ ઉભો કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

## પ્રેક્ષા ભારતી ખાતેના ફેસીલીટી સેન્ટરમાં પાંચ કોન્ટેક્ટ પર્સન ખસેડાયા

ગાંધીનગર શહેરમાંથી કોરોનાનો મળેલ પોઝીટીવ કેસ પછી હરકતમાં આવેલ તંત્રએ આ પેસેન્જરના તમામ સંપર્કમાં આવેલ પાંચ કોન્ટેક્ટ પર્સનને ગાઈડલાઈન મુજબ તાત્કાલિક પ્રેક્ષા ભારતી કોબા ખાતે ઉભી કરવામાં આવેલ ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે. આ સૌની તપાસ માટે બે આરોગ્યની ટીમ કાર્યરત પણ છે. દરમ્યાન તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ૪૨૮ પેસેન્જરના આજરોજ મળેલ સંપર્ક વ્યક્તીઓનું કમ્પલીટ સ્ક્રીનીંગ કરવાની સૂચના સરકારમાંથી આવતાં જ તે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સ્ક્રીનીંગ કામગીરી બપોરના ૧ વાગ્યા સુધીમાં પૂર્ણ થઈ જાય તે મુજબનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## ડેરીના દરવાજે જ મોડી સાંજે દુધ માટે કતાર લાગી



શહેરમાં શાકભાજી સહીત દુધ છાશની ખરીદી પણ વિશેષ થઈ હતી. રવિવારે ઘરની બહાર ન નિકળવાના સંકલ્પ સાથે નગરજનોએ જરૂરી ચીજવસ્તુઓની ખરીદીમાં લાગી ગયા હતા. ત્યારે મોટાભાગના ઠેકાણે દુધ મળતુ ન હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો હતો જયારે ડેરીમાંથી પણ દુધનો સ્ટોક પ્રમાણમાં મોડો પહોંચ્યો હોવાની બુમ પાર્લરોમાં ઉઠવા પામી હતી. બીજીતરફ મધુર ડેરીના ગેટ પાસે મોડી સાંજ સુધી દુધ લેવા માટે નાગરિકોની કતાર જોવા મળી હતી.

## હોમ ક્વોરોન્ટાઈનનું અમલીકરણ ના કરતા લોકો સામે ૧૪૪ અને ૧૮૮ હેઠળ પગલાં લેવાશે

**ગાંધીનગર શહેરમાં એક કેસ પોઝીટીવ મળતાં તંત્ર હરકતમાં આવ્યુ : હોમ ક્વોરોન્ટાઈનમાં ઓબ્ઝર્વેશન હેઠળના પેસેન્જરના ઘર પાસે ''સાવધાન''નું સાઈનેઝ બોર્ડ લાગશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક કેસ પોઝીટીવ આવતાં જ તંત્ર હરકતમાં આવ્યુ છે. આ માટે જિલ્લા આરોગ્યતંત્રના અધિકારીઓને આ અંગે વિવિધ કામગીરી સોંપવા સાથેના હુકમો કરી દેવામાં આવ્યા છે.

આ ઉપરાંત જિલ્લામાં આજે વધુ ૩૪૮ નવા આંતરરાષ્ટ્રીય યાત્રીઓની યાદી રાજ્યકક્ષાએથી પ્રાપ્ત થતાં તે પૈકીના ૭૮ પ્રવાસીઓનું ઓબ્ઝર્વેશન પૂર્ણ થયેલ છે અને ૩૫ પેસેન્જરોને રિફર કરવામાં આવેલ છે.

આજરોજ તમામ હોમ ક્વોરોન્ટાઈનમાં ઓબ્ઝર્વેશન હેઠળના પેસેન્જરના ઘર આગળ “સાવધાન ક્વોરોન્ટાઈન વિસ્તાર અહિથી ૧૦ મીટર દૂર રહો'' તેવા સાઈનેજ બોર્ડ ડિસ્પ્લે કરવામાં આવ્યા છે તેમજ તમામ હોમ ક્વોરોન્ટાઈન પેસેન્જર ઘરે જ રહે તે બાબત પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

આજે જિલ્લાની ટીમો દ્વારા કરાયેલ તપાસ દરમ્યાન હોમ ક્વોરોન્ટાઈનનું અમલીકરણ બરાબર ન થતુ હોવાનું જણાતાં તંત્રએ કડક વલણ અખત્યાર કરવા માટેનું મન બનાવી લીધુ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જો હોમ ક્વોરોન્ટાઈન હેઠળના પેસેન્જર ઘરે ન મળે તો તેઓ ઉપર કલમ-૧૮૮ અને કલમ-૧૪૪ લાગુ કરી તેઓને તાત્કાલિક જિલ્લા દ્વારા ઉભી કરાયેલ ક્વોરોન્ટાઈન ફેસેલીટી સેન્ટર “પ્રેક્ષાભારતી કોબા'' પર સ્થાનિક પોલીસની મદદ લઈ ખસેડવાની ખાસ સૂચના આપવામાં આવી છે.

જિલ્લા કલેકટરશ્રીએ તમામ ધાર્મિક સંસ્થાઓને અપીલ કરી હાલ પૂરતા આ સ્થાનો બંધ રાખવા જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં ૬૦ વર્ષથી વધુ ઉપરના ૨૦ પેસેન્જરોની માહિતી તંત્રને મળી છે અને તેમની દિવસમાં બે વાર મુલાકાત લેવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ૬૦ વર્ષથી વધુની ઉંમર ધરાવતા ૪૪ જેટલા વ્યકતીઓ સંપર્ક વ્યક્તી તરીકે ઓળખાયા હોવાથી તેમની પણ તપાસ માટેની સૂચના આપવામાં આવી છે.

જિલ્લાતંત્ર દ્વારા હોમ ક્વોરાન્ટાઈન ફેસીલીટી સેન્ટર માટે ૧૧ સ્થાનો પસંદ કરી લેવાયા છે અને ત્યાં ૨૭૮૨ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાને લઈ ઉભા કરાયેલ કંટ્રોલ રૂમ પર પાંચ

● અનુસંધાન પાના - ૭ પર

# કોરનાના કહેરથી બચવા આજે જનતા કરફ્યુનો કડક અમલ

**શનિવારે પણ સવારથી જ મોટાભાગે શોપિંગ બજારમાં દુકાનો બંધ રહી : શાકભાજી અને દુધની વિશેષ ખરીદી : શનિવારથી જ કરફ્યુની અસર જોવા મળી : કોર્પોરેશનની ટીમે પાનના ગલ્લા ચાની કીટલીઓ બંધ કરાવી : નાગરિકો પણ સ્વયંશિસ્ત તરફ વળી રહ્યા છે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં કોરોના વાયરસનો એક કેસ પોઝિટીવ હોવાનુ ધ્યાને આવ્યા બાદ શહેરીજનોમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. જયારે રવિવારે જનત કરફ્યુના અમલ પુર્વે શનિવારથી જ આમ નાગરિકોએ સ્વયં શિસ્ત દાખવી કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ જેની અસર નગરના જનજીવન પર જોવા મળી હતી જો કે શાકમાર્કેટ , દવાની દુકાનો તેમજ પાર્લરો પર નાગરિકોની વિશેષ અવરજવર રહી હતી. શાકમાર્કેટમાં માસ્ક પહેરીને મહીલાઓએ શાકભાજીની ખરીદી કરી હતી. જયારે દુધ છાશ સહીત દવાની ખરીદી પણ વિશેષ કરી હતી. રવિવારે જનતા કરફ્યુના કડક અમલના અભિગમ પણ નાગરિકોમાં જોવા મળ્યો હતો. જયારે પાનના ગલ્લા અને ચાની કીટલી પણ પોલીસના સહકારથી કોર્પોરેશનની ટીમે બંધ કરાવી હતી. આજે રવિવારે જનતા કરફ્યુના અમલના પગલે નગરમાં તમામ શોપિંગ સેન્ટરો બંધ રહેશે નાગરિકો પણ પ્રધાનમંત્રીની અપીલને ધ્યાને લઈ કોરોના વાયરસને વધુ ફેલાતો અટકાવવા માટે વાયરસની ચેઈન તોડવા સજ્જ અને જાગૃત બન્યા છે.

સમગ્ર દુનિયામાં ૧૭૯ દેશોમાં કોરોનાના વાયરસે ભરડો લીધો છે. ભારતમાં પણ કોરોના વાયરસ તેજીથી ફેલાતા નાગરિકોમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. ગુજરાતમાં પણ કોરોનાના ૧૩ કેસ નોંધાયા છે. જયારે કોરોના વાયરસને ફેલાતો અટકાવવા રાજયના પાટનગરમાં પણ નાગરિકો સર્તક અને જાગૃત બને તેવા પ્રયાસો થઈ રહ્યા છે. ગાંધીનગરમાં કોરોનાનો એક પોઝિટીવ કેસ નોંધાતા ફફડાટ પ્રવર્તયો છે. કોરોનાના કહેરથી બચવા માટે મુંબઈ સહીત દેશના ચાર શહેરોમાં લોકડાઉન કરી દેવાયુ છે. બીજીતરફ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેઈન તોડવા માટે જનતા કરફ્યુની અપીલ કરી છે. જેના લીધે આજે સમગ્ર દેશમાં જનતા કરફ્યુનો અમલ કરવામાં આવશે. શહેરમાં શાળા કોલેજો , થિયેટરો , મોલ અને જીમ પણ બંધ છે. નગરમાં ધાર્મિસ કે સામાજિક મેળાવડાઓ સહીત કોઈ પણ જગ્યાએ ટોળુ એકત્રિત ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. કોરાના વાયરસને વધુ ફેલાતો અટકાવવા માટે નાગરિકોને ઘરની બહાર ન નિકળવા માટે સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે. બીજીતરફ એકમેક સાથે હાથ નહીં મિલાવવા તેમજ હાથ ધોવા અને માસ્ક બાંધવા માટે પણ નાગરિકોને સર્તક કરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કોરોનાના કહેરથી બચવા માટે ૨૨ માર્ચના રોજ જનતા કરફ્યુનો અમલ કરવા માટે

● અનુસંધાન પાના - ૭ પર









### જનતા કરફ્યુ એસ ટી બસના પૈડા પણ થંભી જશે

આજે કોરોના ઈફેક્ટના પગલે નગરજનો કડક જનતા કરફ્યુનો અમલ કરવાના છે. ત્યારે શહેરમાં શોપિંજ બજારો પણ બંધ રાખશે ત્યારે નાગરિકોને ઘરની બહાર ન નિકળવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે. જયારે ગાંધીનગર ડેપોમાં પણ બસ સેવા પણ બંધ રહેશે. આજે જાહેર રજા હોવાથી પોઈન્ટની બસ સેવા આમ પણ બંધ રહેવાની હતી જયારે શહેરી બસ સેવામાં દોડતી અન્ય બસો સહીત જિલ્લા તેમજ બહારગામની બસો પણ બંધ રહેશે. ગાંધીનગર ડેપોમાંથી રોજબરોજ અંદાજિત ૪૫ હજાર જેટલા મુસાફરો એસ ટી બસ સેવાનો લાભ લે છે. જયારે જનતા કરફ્યુના લીધે આજે બસના પૈડા પણ થંભી જશે

### ગૃહીણીઓએ માસ્ક પહેરીને શાકભાજીની ખરીદી કરી

શહેરમાં રવિવારે જનતા કરફ્યુના અમલ પુર્વે આજે શનિવારે ગૃહીણીઓએ શાકભાજી અને દુધ સહીત જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની વિશેષ ખરીદી કરી હતી જયારે શહેરના સે-૨૧ અને સે-૭ શાકમાર્કેટમાં સવારથી જ ભીડ જોવા મળી હતી. શાકભાજીની ખરીદીમાં ગૃહીણીઓની વિશેષ અવરજવર રહી હતી. જો કે શાકભાજી ખરીદવા માટે આવતી ગૃહીણીઓ સહીત યુવાનો પણ માસ્ક પહેરીને આવી હતી. જયારે એકમેકની સાથે હાથ મિલાવાનુ ટાળી નમસ્તેથી વ્યવહાર કરવાનો ટ્રેન્ડ પણ મજબુત બન્યો છે. શાકમાર્કેટ સહીત વિવિધ શોપિંગમાં પણ નાગરિકોએ માસ્ક તેમજ મોઢે રૂમાલ બાંધી સાવચેતી દાખવી હતી.

### કોર્ટમાં પક્ષકારોની ગેરહાજરી વિરુધ્ધ કોઇ પગલા નહીં લેવાય : મુખ્ય ન્યાયાધીશ

કોરોના વાયરસની મહામારીથી બચવા માટે કોર્ટમાં પણ તકેદારીના પગલા લઈ સાવચેતી દાખવવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લાની તમામ અદાલતોમાં જરૂરિયાત સિવાયના પક્ષકારોએ હાજર ન રહેવા માટે અનુરોધ કરાયો છે. જયારે જેલમાં રહેલા કેદીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી કામગીરી કરવાનો આદેશ કરાયો છે. જયારે ગાંધીનગર જિલ્લાની અદાલતોમાં પણ અર્જન્ટ જામીન અરજીઓ , રીમાન્ડ તેમજ વચગાળાની રાહતોની અરજીઓ સિવાયની મેટર ચલાવવામાં આવશે નહીં. જયારે આ સિવાયના તમામ કેસોમાં ટ્રાયલ ૩૧ માર્ચ સુધી મોકુફ રાખવામાં આવી છે. જયારે પક્ષકારોને કોર્ટમાં હાજર રહેવાથી મુકિત આપવામાં આવી છે. તેમની ગેરહાજરી વિરુધ્ધ કોઈ આકરા પગલા લેવાશે નહીં તેમ પણ જણાંવાયુ છે. ગાંધીનગર જિલ્લા મુખ્ય ન્યાયાધીશ મેહુલ ગાંધીએ તમામ બાર એસોસિએશનના હોદેદારો તેમજ સભ્યોને , વકીલોને તેમના પક્ષકારોને બિનજરૂરી હાજર નહી રાખવા જણાંવ્યુ છે.

### ધો -૧૦ અને ૧૨ની ઉત્તરવહીનુ મુલ્યાંકન ૩૧ માર્ચ સુધી નહીં થાય

ધો - ૧૦ અને૧૨ સામાન્ય પ્રવાહની ઉત્તરવહીઓના મુલ્યાંકનની કામગીરી પણ આગામી તા ૩૧ માર્ચ સુધી સ્થગિત કરવામાં આવી છે. સામાન્ય પ્રવાહની ઉત્તરવહીઓ કેટલાક મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર પર મુલ્યાંકનની કામગીરી અર્થે મોકલવામાં આવી છે. જયારે ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી પણ સ્થગિત રાખવા માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવે સુચના આપી છે. આ ઉત્તરવહીઓ મુલ્યાંકન કેન્દ્રના સંચાલકોએ ગણતરી કરીને પોલીસ બન્દોબસ્ત હેઠળ સ્ટ્રોંગ રૂમમાં મુકવા પણ સુચના આપી દેવામાં આવી છે.

## ગાંધીનગરમાં આજે ત્રણ વખત સાયરનો નભને ગજવશે

**સાંજે ૪.૫૯ થી ૫.૦૦ વાગ્યાની સાયરન કર્મયોગીઓના અભિવાદન માટે વાગે જ્યારે સવારે અને રાત્રે જનતા કરફ્યુના અમલ માટે વગાડવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આજે જનતા કરફ્યુ અમલ માટે પાંચ સ્થળેથી ખાસ સાયરનો વગાડવામાં આવશે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આ અંગે એક ખાસ પરિપત્ર જારી કર્યો છે. વડાપ્રધાનશ્રી અપીલ અનુસાર પોતાના ઘરમાં રહીને જનતા કરફ્યુમાં જોડાઈ વૈશ્વીક રોગચાળા સામે આપણી લડાઈમાં સામાજિક સહભાગીદારીતા દર્શાવીને ‘‘હમ સ્વસ્થ તો જગ સ્વસ્થ''ના મૂલ્યોને સાકાર કરવો જરૂરી છે.

જનતા કરફ્યુના સંદર્ભમાં સવારે ૬.૫૯ થી ૭.૦૦ કલાક સુધી સાયરન વાગશે અર્થાત પહેલી સાયરન એક મિનિટ સુધી વાગશે. સાયરન બંધ થાય કે તરત જ જનતા કરફ્યુનો અમલ શરૂ થયેલો ગણાશે. આ પછી સાંજે ૨૦.૫૯ થી ૨૧ કલાક સુધી સાયરન વગાડાશે. આ પણ એક મિનિટ સુધી સાયરન વાગશે ત્યારે જનતા કરફ્યુ પૂર્ણ થશે.

આ પરિપત્રમાં જણાવાયા મુજબ સાંજે ૧૬.૫૯ થી ૧૭.૦૦ કલાક સુધી પણ એક મિનિટ માટે સાયરન વગાડવામાં આવશે. આ સાયરન વાગે ત્યારે પાંચ મિનિટ માટે નોવેલ કોરોના વાઈરલના રોગચાળાનો પ્રસાર અટકાવવા દિન-રાત એક કરતા સૌ કર્મયોગીઓનું અભિવાદન કરવા માટે સૌ નાગરિકોએ તેમના ઘરના બારણે, બાલ્કનીમાં તેમજ બારી પાસે ઉભા રહીને તાળી પાડી, થાળી વગાડી, ઘંટડી વગાડી તેમના કાર્યને બિરદાવવા અને તેમની સેવાને સલામી આપવા અભિવાદન કરવું. ગાંધીનગરમાં સચિવાલય, સરકીટહાઉસ, સરકારીપ્રેસ, વિધાનસભા સચિવાલય અને પાટનગર યોજના ભવન પર સાયરનો મુકવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com